Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રાર્થના ... ... | ( છોટમ અ. ત્રિવેદી ) ... | ૧૬૧ |
| ૨. | કર્મ–લીલા સવૈયા ... | ( લે. આ. શ્રી કસ્તુરવિ. ) ... | ૧૬૨ |
| ૩. | સોનેરી સુવાક્યો. ... | ( સ. ક. વિ. ) ... | ૧૬૪ |
| ૪. | સમ્યગ્ જ્ઞાનની કુંચી ... ... ... ... | ... | ૧૬૬ |
| ૫. | દૃઢગુણાનુરાગ–પ્રશંસા ... | ( સ. ક. વિ. ) ... | ૧૬૮ |
| ૬. | ત્યાગના સ્વરૂપ અને સાધન | ( અનુ. અભ્યાસી ) ... | ૧૭૦ |
| ૭. | ષટ્ દ્રવ્યસ્વરૂપ | ( મોહનલાલ દીપચંદ ચોકસી ) ... | ૧૭૫ |
| ૮. | શ્રી મહેન્દ્ર પંચાંગ માટે સાક્ષર મુનિવર્યનો અભિપ્રાય | ... | ૧૮૦ |
| ૯. | સ્વીકાર અને સમાલોચના ... ... ... | ... | ૧૮૨ |
| ૧૦. | વર્તમાન સમાચાર ... ... ... ... | ... | ૧૮૩ |



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટૂંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

### શ્રી જૈન આત્માનંદ શતાબ્દિ સિરિઝના છપાતાં ગ્રંથો.

૧ શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષ ચરિત્ર ( બીજા પર્વથી દશ પર્વો ) પ્રત તથા બુકાકારે.
૨ ધાતુપારાયણ. ૩ શ્રી વૈરાગ્ય કલ્પલતા ( શ્રી યશોવિજયજીકૃત )
૪ પ્રાકૃત વ્યાકરણ ઢુણ્ઢિકાવૃત્તિ.

જલદી મંગાવો. ઘણી થોડી નકલો છે. જલદી મંગાવો.

### શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

( શ્રી દેવેન્દ્રસૂરિકૃત ટીકાવાળું )

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧–૮–૦ પો. જુદું.

**બીજા પર્વથી છપાય છે.**


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥

" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો ( શુભ )
પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ ( સદંતર )
વિનાશ પામે,-આ ( માનવજન્મનું ) રહસ્ય છે. "

શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક-તત્ત્વાર્થ ભાષ્ય.

पुस्तक ३५] वीर सं. २४६४. माघ. आत्म सं. ४२. आ० श० वर्ष २ जुं [ अंक ७ मो.

## " પ્રાર્થના. "

[ રાગ : યમન કલ્યાણ. તાલ ત્રિતાલ, માત્રા ૧૬. ]

મહાવીર રટ મન, હરનિશ; ( ૨ )
જૈનો-તારક જિનવર હે પ્રભો !
ભવદુઃખભંજન આપ છો હે પ્રભો ! મહાવીર૦

સુમતિ આપત, કુમતિ કાપત,
દુઃખહર સુખકર મુરતિ મનહર;
" છોટમ " વંદે મહાવીર રટ મન. હરનિશ ૦

" છોટમ " અ. ત્રિવેદી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કર્મ—લીલા સવૈયા.

લેખક૦ **આચાર્યશ્રી કસ્તૂરવિજયજી.**

ગામડીયો એક નર, હતું નહિં પાસે જર,
છોડીને પોતાનું ઘર, આવ્યો મોટા ગામમાં;
રખડ્યો ગલીએ ગલી, તોયે ન નોકરી મલી,
ધનની તો આશ ટળી, હારી ગયો હામમાં;
ખાવાને જોઇયે ધાન, વિચારી તે અણજાણ,
પેટ સાટે છોડી માન, રહ્યો શેઠ ધામમાં;
જ્ઞાની કહે એક શેઠ, એક કરે તેની વેઠ,
કરમના ફેર હેઠ, રહ્યા જુદા કામમાં. ૧

ઘરમાં હલકું કામ, ખંતથી કરે તમામ,
વીત્યા માસ બાર આમ, ત્યારે શેઠ ધ્યાનમાં;
લઇને બાંધ્યો પગાર, રૂપિયા મહિને ચાર,
છોડાવીને ઘર કાર, રાખીયો દુકાનમાં;
નીતિ જોઇ શાહુકાર, વધારે પછી પગાર,
વીતિયાં વરસ ચાર, ભાગ રાખ્યો માનમાં;
જ્ઞાની કહે ભાગ્ય ફરે, વેપાર તે જુદો કરે,
ધની બની શેઠ પરે, વધ્યો સનમાનમાં. ૨

અંતરાય તુટી ગયો, કોટ્યાધિપતિ તે થયો,
ભૂખમરો ભૂલી ગયો, આવી ધનમદમાં;
ખરીદી ભૂમિ હજાર, વીઘાં રાખી એક કાર,
બંગલો બંધાવ્યો બાર, બાગ કર્યો હદમાં;
ફરતો ચોમેર કોટ, ચણીને કરી ત્યાં ઓટ,
હવે શી હતી ત્યાં ખોટ? ભજ્યો શેઠ પદમાં;
જ્ઞાની કહે રંક રાય, નશીબે ક્ષણમાં થાય,
ચિંતા સહુ ટળી જાય, વધ્યો દેહ કદમાં. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બાગ દ્વાર ભીંતમાંય, પાટીયું લખી ચોડાય,
બાગમાં રજા સિવાય, કોઇએ ન આવવું;
કોટ પાટલૂન બૂટ, સદાય મોમાં ચીરૂટ,
ખાવામાં બધીય છૂટ, ભાવતું મંગાવવું;
જોઇયે ખુરશી મેજ, સુવાને સુંદર સેજ,
મૂછ તો ક્યાંથી રહે જ? રોજ જ્યાં મુંડાવવું;
જ્ઞાની કહે ધન અતિ, મળે પછી ફરે મતિ,
દયા નહિં દિલ રતિ, ગરીબ સતાવવું. ૪

એક સમે એક નર, બુદ્ધિશાળી બહુતર,
વાંચે બાગ દ્વાર પર, લગાવેલું પાટીયું;
વાંચીને મનમાં હસ્યો, બાગમાં તરત ધસ્યો,
શેઠનો મીજાજ ખસ્યો, ડહાપણ છાંટીયું;
વાંચ્યું ન કાં રે ગમાર! પાટીયું ચોડેલું બાર,
નીકળ ખાઇશ માર, શું છે અહીં દાટીયું?
જ્ઞાની કહે હવે શેઠ, પહેલાં તો કરતો વેઠ,
જીવતો ખાઇને એંઠ, પાપ સહુ પ્રાટીયું. ૫

બોલ્યો બોલ ધીમે રહી, શેઠ વાત સાચી કહી,
પૂછ્યું પાટીયાને સહી, બાગમાંહિ આવવા;
ઉત્તર ન આપ્યો જ્યારે, રજા લેવા આવ્યો ત્યારે,
તમારી પાસે અત્યારે, મંડ્યા છો અડાવવા;
મનમાં જુઓ વિચારી, ધનનો નિશો ઉતારી,
મતિ ક્યાં ગઇ તમારી?, પાટીયું બોલાવવા;
જ્ઞાની કહે ઝંખવાણો, પડી ગયો શેઠ શાણો,
કહે દુઃખી દશા જાણો, ગરીબ બચાવવા. ૬

બુદ્ધિશાળી બોધ કરી, ગયા પછી મતિ ફરી,
શેઠની દશા સુધરી, અભિમાન છોડીયું;
ગરીબ દશા સંભારી, પેલાંની શેઠે વિચારી,
દુઃખી દુઃખ દિલ ધારી, સદાવ્રત જોડીયું;
નમીને હમેશાં ચાલે, વિનય વિવેક પાળે,
સહુને મદદ આલે, પાટીયાને તોડીયું;
જ્ઞાની કહે મૂકી માન, ગરીબોનું રાખે ધ્યાન,
તેનું વધે બધે માન, ભલે આપે દોઢીયું. ૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સોનેરી સુવાકયો.

સંગ્રાહક : સ. ક. વિ.

૧ દરેક જણાએ એટલું તો જરૂર માનવું જોઈએ કે, સંયોગ—વિયોગ, સુખ–દુઃખ, રાગ–દ્વેષ, લાભ–અલાભ, વિગેરે યોગ કોઇ વ્યવસ્થિત કારણને અંગે જ થાય છે ( અદૃશ્ય નિયમથી જ થાય છે ).

૨ કોઇનો પણ સમાગમ કરવો તે ઉચિત તો નથી જ, પણ જ્યાં સુધી એકાંત જીવન ગાળવા જેવી ( સંપૂર્ણ ત્યાગમય ) સ્થિતિ ન થાય ત્યાં સુધી સત્‌સમાગમ જરૂરી છે.

૩ હજારો વચન સાંભળવા, અનેક શાસ્ત્રો વાંચી જવાં, તેના કરતાં થોડું વાંચન ને તે વર્તનમાં મુકાયું હોય તો તે વિશાળ વાંચન કરતાં આધ્યાત્મિક ઉન્નતિમાં વિશેષ આલંબનરૂપ છે.

૪ જે કાંઈ કર તે વ્યવસ્થિત નિયમથી કર, કારણ નિયમિત કરવામાં આવતું કામ, કર્તવ્ય ( ધર્મ ) ધારેલી સિદ્ધિ અને આનંદ આપે છે.

૫ પઠન કરવા કરતાં મનન અને મુખના ગોખેલમાંથી બોલી જવાં કરતાં મંથન બાદ વર્તન વધુ શ્રેયસ્કર છે.

૬ જો તમારે જગતમાં વંદ્ય થવું હોય તો કોઇનું અહિત ન થાય તેવું વર્તન, સંતસમાગમ, સત્‌શાસ્ત્રોનું મનન, બ્રહ્મચર્ય, દયા, ક્ષમા વિગેરે સદ્‌ગુણો વિકસાવવા જરૂરી છે.

૭ અગમ્ય સંસારચક્રની કાંઇ ખબર જ પડતી નથી. અનેક વખતની માતા સ્ત્રીરૂપે અને સ્ત્રી તે માતાપણે પણ અનુભવાય છે.

૮ સ્ત્રી શરીર પર કેવળ મોહ જ હોય તો તેનો અટકાવ તેના ચામડી વિનાના શરીર અને પુદ્‌ગલના વિજ્ઞાનથી કરો. ( તેનું આંતરસ્વરૂપ વિચારી તે યથાર્થ સમજાતાં તેના ઉપરનો મોહ સહેજે ઉતરી જવા સંભવ છે. )

૯ જીવીને મરવા કરતાં મરીને જીવવું વધારે બ્હેતર છે. ( એવા રૂડા મરણ–જીવનનું અન્ય મુમુક્ષુ જનો પણ પ્રેમથી અનુકરણ કરવા લાગે છે )

૧૦ કલાકો સુધી ભાષણો આપવા અગર ધર્મોપદેશથી જે અસર થતી નથી તે અસર શુદ્ધ વર્તનથી વધારે સરસ થશે, થવા પામશે.

૧૧ વિવેકથી વિચાર કરવામાં આવે તો, જ્યાં ભય ત્યાં શોક, ભોગ ત્યાં રોગ અને રોગ અને શોક ત્યાં સુખનો અભાવ હોય છે; માટે સુખના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અભાવવાળી વસ્તુઓ ત્યાગવી જ ઉચિત છે.

૧૨ જેમ લોહીનો ડાઘ લોહીથી જતો નથી પણ પાણીથી જાય તેમ સાંસારિક સુખ–દુઃખ સંસારની કોઇ પણ વસ્તુથી મટતાં નથી; માટે જ ત્યાગ ( ચારિત્ર–ભાવના રાખવી ) એ મૂક્તિદાતા છે.

૧૩ લોભ એ એક એવી વસ્તુ છે કે આખી સૃષ્ટિનું રાજ્ય મળવા છતાં તૃપ્તિ થતી જ નથી. તૃષ્ણા આકાશ જેવી અમર છે માટે વિવેકી પુરુષોએ સંતોષનું શરણુ લેવું ઘટે છે. સંતોષવડે લોભનો જલ્દી અંત આવે છે.

૧૪ સંસારરૂપી ગાડાને રાગ ને દ્વેષ બે પૈડાં છે માટે મુમુક્ષુઓએ આ પૈડાંઓ કાઢી નાખવાં એટલે સંસાર ( બંધન ) અટકશે અને મુક્ત થઇ શકાશે.

૧૫ મહાત્મા પુરુષો સર્વ ઉપાધિયોનો ત્યાગ કરીને અહોરાત્ર ઇશ્વરભજન અને ધ્યાનમાં ગાળે છે અને અજ્ઞાનીઓ આહાર, નિદ્રા, મોજશોખ, પરનિંદા તેમજ રંગરાગમાં જ પોતાનું આયુષ્ય પૂરું કરે છે.

૧૬ દિવસના આઠ પ્રહરમાંથી ત્રણ પ્રહર ઊંઘમાં અને પાંચ પ્રહર આધિ, વ્યાધિ ને ઉપાધિમાં પસાર થાય છે તો આમાંથી ફક્ત એક જ પ્રહર, અરે ! એક જ કલાક ઇશ્વરભજનમાં ગાળવામાં આવે તો કેટલું સરસ ?

૧૭ વૈરાગ્ય એક જ એવું સાધન છે કે જેનાથી આધિ, વ્યાધિ ને ઉપાધિથી મુક્ત થવાય છે અને મોક્ષ મેળવી શકાય છે.

૧૮ આધિભૌતિક કે આધ્યાત્મિક સુખ મેળવવા માટે વિવેક એક કુંચી છે. આ કુંચી હોય તો જ સુખ મેળવી શકાય છે માટે વિવેકી બનો.

૧૯ શુદ્ધ સચ્ચિદાનંદ રૂપને મેળવવા માટે વિષયોરૂપી મળને જ્ઞાનરૂપ જળથી ધોવો અને એનો સાક્ષાત્કાર કરો !

૨૦ ઇંદ્રિયો તમને જીતે અને તમે સુખ માનો તે કરતાં ઇંદ્રિયોને જીતવામાં તમે સુખ માનો તો જ આધ્યાત્મિક ઉન્નતિ સાધી શકાશે.

૨૧ એ જ જગતને ઉપદેશ કરવાને લાયક છે કે જેઓ રાગ, દ્વેષ અને મોહરૂપી શત્રુને જીતી શકયા છે. સચોટ અસર પણ એના ઉપદેશની જ થવા પામે છે.

૨૨ વસ્તુતઃ આ જગતની કોઇ પણ વસ્તુ દોષિત નથી છતાં પણ જો કાંઇ દોષ જોવામાં આવતો હોય તો તેના ઉપયોગમાં છે. ગમે તેવી દોષિત લાગતી વસ્તુ યોગ્ય ઉપયોગથી લાભકર્તા જ નિવડે છે.

૨૩ સત્યનું પ્રતિપાદન જુદા જુદા માણસો દેશકાળને અનુસરી જુદી જુદી પદ્ધતિથી કરે તેથી જે પરમ સત્ય છે તેને કોઇ પણ રીતે બાધ આવી શકતો નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

[ ગતાંક પૃષ્ઠ ૧૩૮ થી શરૂ ]

**આત્માની ધર્મવિમુખતાના સંભાવ્ય કારણો અને આત્માનું અધઃપતન.**

હવે આપણે બ્રહ્માની રૂપક કથાનું રહસ્ય સમજવાનો પ્રયત્ન કરીએ. આ રૂપક કથાનો સાર એ છે કેઃ—

યજ્ઞ કરવાની ઇચ્છાથી બ્રહ્મા એકદા પુષ્કર તીર્થમાં ગયા. બ્રહ્માએ ત્યાં યજ્ઞની સવ તૈયારીઓ કરી મૂકી. તેની પત્ની સાવિત્રીને યજ્ઞપ્રસંગે આવવામાં વિલંબ થયો. બ્રહ્મા આથી રોષે ભરાયા. ધર્મપત્ની વિના યજ્ઞની વિધિઓ ન થઇ શકે તેમ હોવાથી પોતાને માટે કોઇ યોગ્ય પત્ની લાવી આપવાનો બ્રહ્માએ ઇન્દ્રને આદેશ કર્યો. ઇન્દ્રે બ્રહ્માની આજ્ઞાનું સત્વર પાલન કર્યું. તે ગાયત્રી નામની એક શૂદ્ર કન્યાને લાવ્યો અને બ્રહ્મા તેની સાથે લગ્નગ્રંથીથી સત્વર જોડાઇ ગયા. આ શૂદ્ર કન્યા એક ગોપાલની પુત્રી થતી હતી. તેના હાથમાં નવનીત હતું. બ્રહ્માએ તેને વેદોની માતા રૂપે સંબોધન કર્યું. બન્નેનાં લગ્ન થયાં કે તુરત જ બ્રહ્માની પ્રથમ પત્નીનું આગમન થયું. સાવિત્રીને લગ્નનાં દૃશ્યથી અત્યંત ક્રોધ થયો. તેણે ક્રોધમાં ને ક્રોધમાં લગ્નમાં હાજરી આપનાર સર્વ દેવોને શ્રાપ આપ્યો. સાવિત્રીના અભિશાપથી સર્વ દેવોમાં ત્રાસભંગ થયો. સાવિત્રી શાપ આપીને ચાલી ગઇ. તે પછી નવવધૂ ગાયત્રીએ સર્વ દેવોને શાન્ત કર્યા. તેણે શાપમાં યોગ્ય પરિવર્તન કરી દેવોનો સંક્ષોભ ઓછો કર્યો. પોતાના પતિની ભક્તિથી જે તે દેવને બ્રહ્માનાં સાયુજ્ય રૂપે પરમપદની પ્રાપ્તિ થશે એવાં ગાયત્રીનાં અભિવચનથી સર્વ દેવો હર્ષિત થયા. એટલામાં વિષ્ણુ સાવિત્રીને લઇ આવ્યા. ગાયત્રીએ સાવિત્રીને પ્રણિપાત કર્યો. ગાયત્રીનાં વંદનથી સાવિત્રી હર્ષમાં આવી ગઇ. તેણે ગાયત્રીને કોટિ કરી અને કહ્યું.—

" સુશીલ પત્ની પોતાના પતિને ઉદ્વેગ થાય એવું કશુંયે કાર્ય કરતી નથી. આપણે બન્ને પતિમાં જ અનુરક્ત થઇએ એ જ સર્વથા ઇષ્ટ છે."

સાવિત્રીનાં કથનથી ગાયત્રીનું હૃદય આનંદથી ભરાઇ આવ્યું. તેણે લજ્જિત થઇને પ્રત્યુત્તર આપતાં કહ્યુંઃ—

" હું તારી આજ્ઞાનું સર્વદા પાલન કરીશ. તારી મૈત્રી મારા જીવન જેવી જ મને મહામૂલ્ય લાગશે. હે દેવી ! હું તારી પુત્રી છું. કૃપા કરીને મારું રક્ષણ કરજે."

આ રૂપક કથામાં ઇચ્છાશકિતનું દેવો અને દેવીઓ રૂપે યથાર્થ નિરૂ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ કરવામાં આવ્યું છે. ઈચ્છાશક્તિનાં માનસિક કાર્યો શું છે તેનો અવબોધ રૂપક ઉપરથી મળી રહે છે. અંતરજ્ઞાન ( સહજ જ્ઞાન ) અને બુદ્ધિ એ ઇચ્છાશક્તિની બે પ્રવૃત્તિઓ છે એમ જણાઈ આવે છે. બર્ગસને ઈચ્છાશકિતની પ્રવૃત્તિઓના સંબંધમાં યથાર્થ જ જણાવ્યું છે કે:–

" ઇચ્છાશક્તિમાંથી અંતરજ્ઞાન અને બુદ્ધિનો પ્રાદુર્ભાવ થાય છે. અંતરજ્ઞાન અને બુદ્ધિ એ ઇચ્છાશક્તિની પ્રવૃત્તિઓ છે. ભૌતિક દ્રવ્ય સાથે સંલગ્ન થતી ચેતના પોતાની કે ભૌતિક વસ્તુઓની પ્રવૃત્તિઓ કે કાર્યો ઉપર લક્ષ આપે છે. ચેતનાનો પ્રવાહ આ રીતે અંતરજ્ઞાન કે બુદ્ધિ તરફ વળ્યા કરે છે." ( The Creative Evolution. )

અંતરજ્ઞાન એટલે સ્વયંસચેતતા. અંતરજ્ઞાનનું સર્વોચ્ચ સ્વરૂપ એ જ સર્વજ્ઞતા છે. પુરાણમાં અંતરજ્ઞાનને દેવી સાવિત્રી રૂપે અને બુદ્ધિને ગોપાલ-કન્યા ગાયત્રી રૂપે આલેખવામાં આવેલ છે. ગાયત્રીનાં હસ્તમાંનું નવનીત એ ગાયત્રીનાં સ્વરૂપનું નિદર્શક છે. દૂધમાંથી જેમ નવનીતની પ્રાપ્તિ થાય છે તે જ પ્રમાણે અનુભવ ઉપરથી( માંથી ) બુદ્ધિદ્વારા સત્યની પરિણતિ થાય છે. અંતરજ્ઞાન અને બુદ્ધિ એ ઈચ્છાશક્તિરૂપ બ્રહ્માની પ્રવૃત્તિઓ રૂપ હોવાથી એ બન્ને પ્રવૃત્તિઓની બ્રહ્માની પત્નીઓ રૂપે ગણના કરવામાં આવી છે. અંતરજ્ઞાન અને બુદ્ધિ એ બન્નેમાં અંતરજ્ઞાનની ઉત્કૃષ્ટતાને કારણે, બુદ્ધિ અંતરજ્ઞાનની શ્રેષ્ઠતાનો સ્વીકાર કરે છે એમ ગાયત્રીએ સાવિત્રીજીને કરેલા પ્રણિપાતથી સ્પષ્ટ થાય છે. આમ છતાં આત્માની અધઃપતનયુક્ત સ્થિતિમાં બુદ્ધિ એ જ જ્ઞાનપ્રાપ્તિનાં શેષ સાધનરૂપ રહેતી હોવાથી તેને વેદોની માતા રૂપે ગણવામાં આવી છે. વેદ એટલે જ્ઞાન.

બુદ્ધિથી આત્માની દિવ્યતા સ્થાપિત થાય છે. બુદ્ધિથી આત્મસાક્ષાત્કાર થઈ શકે છે. આત્મસાક્ષાત્કાર એટલે દુઃખ અને પારતંત્ર્યથી મુક્તિ. ગાયત્રીએ શાપમાં પરિવર્ત્તન કર્યું એનું રહસ્ય બુદ્ધિનાં સ્વરૂપ ઉપરથી યથાર્થ રીતે સમજી શકાય છે.

સાવિત્રીએ જુદા જુદા દેવોને જે જે શાપ આપ્યો, તે તે શાપમાં ગાયત્રીએ કેવી રીતે પરિવર્ત્તન કર્યું, શાપ અને તેનાં પરિવર્ત્તનનું રહસ્ય એ સર્વ હવે પછીના કોષ્ટક ઉપરથી બરોબર સમજી શકાશે. જે તે શાપ અને તેનાં પરિવર્તિત સ્વરૂપનાં રહસ્યના અવબોધમાં મુશ્કેલી જેવું લાગે તો ૯, ૧૦ અને ૧૧ એ ત્રણ પ્રકરણો વાંચ્યા પછી આ રહસ્યો ફરી વાર વાંચી જવાં. આ પ્રમાણે પુનર્વાચનથી રહસ્યો બોધગમ્મ થઇ શકશે. ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દૃઢગુણાનુરાગ–પ્રશંસા.

( સં. સ૦ શ્રી કર્પૂરવિજયજી મહારાજ )

(૧) જેના હૃદયમાં સદાય સદ્‌ગુણ પ્રત્યે સ્વાભાવિક પ્રેમ–રાગ જાગેલો રહે છે તેઓને ધન્ય–કૃતપુણ્ય લેખવા. તે મહાનુભાવોને સદાય અમારા પ્રણામ હો !

(૨) ઘણું ભણવાથી, તપ તપવાથી કે દાન દેવાથી શું પ્રયોજન છે ? ફક્ત સઘળા સુખના સ્થાનરૂપ એક ગુણાનુરાગને જ તું દૃઢપણે આદર.

(૩) કદાચ તું ઘણો તપ કરીશ, ઘણાં શાસ્ત્ર ભણીશ અને વિવિધ કષ્ટ સહન કરીશ, પરંતુ જો ગુણાનુરાગ ધરીશ નહિ, બીજાના સદ્‌ગુણ જોઇને રાજી થઇશ નહીં તો તારી સઘળી કરણી ફોક સમજજે.

(૪) બીજાના ગુણનો ઉત્કર્ષ જોઇ, જો તું અદેખાઇ કરીશ તો જરૂર તું સંસારમાં સર્વસ્થળે પરાભવ પામીશ. ( પરિણામે તે ભારે દુઃખદાયક બનશે )

(૫) ઇર્ષાના જોરથી અંજાઇ જઇ જો તું ગુણવંત જનોના થોડા પણ અવર્ણવાદ કોઇ રીતે બોલીશ તો સંસારરૂપ મહાઅટવીમાં તારે ભટકવું પડશે અને ત્યાં તારે બહુ પ્રકારે દુઃખનો કડવો અનુભવ કરવો પડશે; માટે પ્રથમથી જ પારકા અવર્ણવાદ બોલવાથી પાછો ઓસર કે જેથી તારી અધોગતિ થતી અટકે.

(૬) આ વર્તમાન ભવમાં જીવ જે ગુણોનો કે દોષનો અભ્યાસ કરે છે તે ગુણ–દોષને અભ્યાસવડે પરભવમાં ફરી મેળવે છે.

(૭) જે પોતે સેંકડો ગમે ગુણથી ભર્યા છતો અદેખાઈવડે પારકા દોષ જંપે છે તે પંડિત પુરુષોની નજરમાં પલાલના ઢગલા જેવો સાવ અસાર (હલકો) જણાય છે ને હાંસીપાત્ર બને છે.

(૮) જે દુષ્ટ આશયથી પરાયા છતા–અછતા દોષ ગ્રહણ કરે છે તે પોતાના આત્માને નિરર્થક પાપ બંધનથી બગાડે છે, તેથી ભવાન્તરમાં પોતે જ વારંવાર દુઃખી–દુઃખભાગી બને છે.

(૯) તેટલા માટે જેથી કષાય–અગ્નિ પેદા થાય તેવું કાર્ય જરૂર તજી દેવું અને જેથી કષાય–અગ્નિ શાન્ત થાય તે જ કાર્ય આદરવું. તે માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરનિંદા, ઈર્ષા, અદેખાઈ પ્રમુખ અકાર્ય અવશ્ય તજવા.

(૧૦) જો તું ત્રિભુવનમાં પ્રભૂતા મેળવવા ઇચ્છતો જ હો તો પારકા દોષ ગ્રહણ કરવાથી અથવા પરનિંદા કરવાની પડેલી કુટેવ સંપૂર્ણ પ્રયત્નવડે જરૂર તજી દે. એજ મોટાઇ મેળવવાનો રાજમાર્ગ છે.

(૧૧) જગતમાં સહુ કોઇને પ્રશંસવા યોગ્ય આ ચાર:પ્રકારના પુરુષો કહ્યા છે. ૧ સર્વોત્તમોત્તમ, ૨ ઉત્તમોત્તમ, ૩ ઉત્તમ અને ૪ મધ્યમ.

(૧૨) એ ઉપરાંત ભારેકર્મી અને ધમવાસના રહિત જે અધમ અને અધમાધમ પુરુષો હોય તેમની પણ નિંદા તો ન જ કરવી. બની શકે તો તેમને સુધારવા મનમાં કરુણા લાવવી. નિંદા તો સર્વથા વર્જ્ય છે, કેમકે તેથી તેને કે પોતાને કશો ફાયદો થતો નથી. કરુણાબુદ્ધિથી તો સ્વપરને લાભ સંભવે છે.

(૧૩) ઉપર જ જણાવેલા તીર્થંકરાદિકના ગુણગ્રહણ બહુમાનપૂર્વક જો તું કરશે તો શીઘ્ર શિવસુખ પામીશ એમ ચોક્કસ સમજજે, કેમકે પોતે સદ્ગુણી થવાનો એ સરલ અને ઉત્તમ માર્ગ છે, તેથી તેનો અત્યંત આદર કરવો જોઇએ.

(૧૪) આજકાલ સંયમ-માર્ગમાં શિથિલતા ધારણ કરનારા અને સયંમ ક્રિયા જ ઉપેક્ષા કરનારા પાસથ્થાદિક સાધુ-યતિજનોની સભા સમક્ષ નિંદા પ્રશંસા કરવી નહીં. નિંદાથી તે સુધરી શકશે નહીં ને પ્રશંસાથી તેમના દોષને પુષ્ટિ મળશે.

(૧૫) હીનાચારી સાધુ-યતિઓ ઉપર કરુણા લાવી જો તેમને રુચે તો હિત-બુદ્ધિથી સત્ય માર્ગ બતાવવો. ન રુચે ને રોષ કરે તો તેમના દોષ-દુર્ગુણ પ્રકાશવા નહીં.

(૧૬) જેનો થોડો પણ ધર્મ ગુણદૃષ્ટિમાં આવે તેનું બહુમાન ધર્મબુદ્ધિથી સદાય કરવું યુક્ત છે, એથી સ્વપરને અનેક લાભ થવા સંભવ છે.

(૧૭) સદ્ગુણીનું બહુમાન શુદ્ધ નિષ્કપટભાવે કરનાર જન્માંતરમાં તેવા સદ્ગુણ જરૂર મેળવી શકે છે. સદ્ગુણોનું અનુમોદન-બહુમાન કરવું એ આપણે પોતે સદ્ગુણી થવાનું અમોઘ બની રહે છે.

સ. ક. વિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ત્યાગના સ્વરૂપ અને સાધન

અનુ૦ અભ્યાસી

શાસ્ત્રોની એવી ઘોષણા છે, તેમજ સર્વ વિચારશીલ પુરુષ એટલું સ્વીકારે છે કે મનુષ્ય જીવનનું ચરમ લક્ષ્ય ભગવત્પ્રાપ્તિ છે. સંસારમાં અનેક મનુષ્યો એ લક્ષ્યની પ્રાપ્તિ માટે યત્કિંચિત્ યત્ન પણ કરે છે, પરંતુ એવા ભાગ્યશાળી પુરુષો ઘણાં જ થોડા હોય છે કે જેઓ શીઘ્રતાથી એ લક્ષ્ય પ્રાપ્ત કરી શકે છે. શાસ્ત્રકારો તેમજ અનુભવી સંતોએ ભગવત્પ્રાપ્તિના માર્ગમાં એવા કેટલાક વિઘ્નો બતાવ્યા છે કે જે દૂર કર્યા વગર ભગવત્પ્રાપ્તિના માર્ગે આગળ વધવાનું ખૂબ જ કઠિન છે. એ વિઘ્નોમાં મુખ્ય વિઘ્ન છેઃ—અહંકાર, મમતા, કામના અને આસક્તિ. અજ્ઞાન અથવા તો મોહ એ સર્વનું મૂળ કારણ છે. અજ્ઞાનનો નાશ થવાથી એ સર્વનો નાશ આપોઆપ થઇ જાય છે. અજ્ઞાન કહેવાય છે ન જાણવું તે. ન જાણવું ભગવાનનું સ્વરૂપ. જેઓને ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય છે તેઓ એ બધા વિઘ્નો સહેજે દૂર કરી શકે છે; એટલુંજ નહિ પણ તેઓને માટે એ વિઘ્નોનો સર્વથા નાશ થઇ જાય છે. પરંતુ જયાં સુધી અજ્ઞાનનો નાશ ન થાય, જયાં સુધી ભગવાનના તત્ત્વ-સ્વરૂપનું જ્ઞાન ન થાય ત્યાં સુધી શું હાથ જોડીને બેસી રહેવાની જરૂર છે? નહિ. આસક્તિ, કામના, મમતા અને અહંકારનો પ્રયોગ બુદ્ધિપૂર્વક ભગવાનમાં કરવો જોઇએ. આદર્શ તો એવો જ હોવો જોઇએ કે એક માત્ર ભગવાનમાં જ આસક્તિ હોય, એક માત્ર ભગવાન પ્રાપ્ત કરવાની જ અનન્ય કામના હોય, એક માત્ર ભગવચ્ચરણોમાં જ મમતા હોય અને એક માત્ર શ્રીભગવાનના દાસત્વનો જ ભક્તહૃદયમાં અહંકાર હોય. એ રીતે એ ચારેના દિશાપરિવર્તનનો અભ્યાસ કરવાથી એનું દૂષિત રૂપ નષ્ટ થતું જશે. પછી તે મોહના પોષક બનવાને બદલે તેનો નાશ કરવામાં મદદ કરશે, અને જેમ જેમ મોહનો નાશ થશે તેમ તેમ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થશે અને જેમ જેમ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થશે તેમ તેમ એક માત્ર એની સાથે એ ચારેનો સંબંધ વધી જશે, પછી તો એનું નામ પણ બદલાઈ જશે, અને એને વિશુદ્ધ ભક્તિના રૂપમાં પામીને ભક્ત પુરુષ કૃતાર્થ થશે. એ ભક્તિદ્વારા ભગવાનનું યથાર્થ જ્ઞાન થશે અને એ જ્ઞાનનો પ્રાદુર્ભાવ થતાં જ ભક્ત પુરુષ પોતાના ભગવાનનો સાક્ષાત્કાર પ્રાપ્ત કરીને કૃતાર્થ થઇ જશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિષયોના ભયંકર સ્વરૂપનું અને ભગવાનના ચિદાનન્દમય સ્વરૂપનું આપણુને જ્ઞાન નથી હોતું એટલે જ આપણી ચિત્ત-વૃત્તિઓની પ્રવૃતિ ભગવાન તરફ ન થતાં વિષયો તરફ રહે છે. જો શ્રીભગવાનની પરમાનન્દરૂપતા અને વિષયોની ભયાનકતા પર ખરી રીતે વિશ્વાસ થઇ જાય તો મનુષ્યનું મન વિષયો તરફ કદી પણ નહિં જઇ શકે. આજે કોઇને કહેવામાં આવે કે તમે એક તોલો અફીણ ખાઇ જાઓ, તમને સો રૂપીયા આપવામાં આવશે, તો કોઇ પણ ખાવા તૈયાર નહીં થાય; કેમકે અફીણ ખાવાથી મૃત્યુ થશે, એ વાતમાં તેને નિશ્ચયપૂર્વક વિશ્વાસ છે. ભગવાને કહ્યું છે કે આ લોક અનિત્ય સુખરહિત છે. અથવા આ જીવન અનિત્ય અને દુઃખમય છે, એ મેળવીને તમે મને જ ભજો, તો ભગવાનના એ કથન પર નિશ્ચિત વિશ્વાસ હોય અને જો એ વચનો અનુસાર જગતના વિષયો આપણને દુઃખરૂપ અને અનિત્ય સમજાય તો પછી આપણે એમાં કેમ રમ્યા કરીએ? તેમજ જો ભગવાનના આનન્દસુધાસિન્ધુસ્વરૂપ પર જરા પણ વિશ્વાસ હોય તો આપણે તેની કેમ ઉપેક્ષા કરીએ? પરંતુ આપણે જ એમ જ કરીયે છીએ, એ ઉપરથી એટલું તો સિદ્ધ થાય છે કે આપણે જાણીએ છીએ, સાંભળીએ છીએ, બોલીયે છીએ, પરંતુ વાસ્તવિક રીતે આપણને એ વાતો ઉપર પૂરેપૂરો વિશ્વાસ નથી. એથી જ આપણે એ વાતોની પરવા ન કરતાં વિષયો તરફ દોડી રહ્યા છીએ અને જેવી રીતે દીવાની જ્યોતિના રૂપમાં–મોહમાં ફસાઇને તેની તરફ જનાર પતંગીયો બળીને ભસ્મ થઇ જાય છે તેવી રીતે આપણે પણ ભસ્મ થઇ જઇએ છીએ.

આપણી વૃત્તિઓ હમેશાં બહિર્મુખી રહે છે, વિષયોમાં-કાર્યજગતમાં જ લાગેલી રહે છે. એમાં જ્યાં જ્યાં આપણને ઈંદ્રિયોને તૃપ્ત કરનાર પદાર્થ જોવા સાંભળવામાં આવે છે ત્યાં ત્યાં આપણું ચિત્ત જાય છે. આપણે એમાં સુખ શોધીએ છીએ, પરંતુ એટલું નથી જાણતા કે દિવસની સાથે જેમ રાત્રિ હોય છે તેમ સુખનાં સાથી દુઃખ હમેશાં તેની સાથે રહે છે. આપણે સુખ ઇચ્છીએ છીએ અને દુઃખથી બચવા ઇચ્છીએ છીએ, એથી જ આપણને દુઃખ ભોગવવું પડે છે. જો ખરેખરી રીતે આપણે દુઃખથી બચવું હોય તો સુખની ઇચ્છા પણ તજી દેવી પડશે. આપણે એ પરમ સુખની ઇચ્છા નથી કરતા કે જે હમેશાં રહે છે, જે કદી પણ વધતું ઘટતું નથી, જે અસીમ તેમજ અનન્ત છે. આપણે તો ચાહીએ છીએ ક્ષણિક ઇન્દ્રિય સુખને, જે ખરી રીતે છે જ નહિં, કેવળ ભ્રમથીજ લાગે છે, અને વીજળીની માફક એક વાર ચમકારો કરીને તરતજ નષ્ટ થઇ જાય છે. પણ આપણે અબુધ માણસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ વાત જાણુતા નથી એટલે જ એની પાછળ પડીએ છીએ અને એક દુઃખના ખાડામાંથી નીકળીને તુરતજ બીજો ખાડો ખોદવા લાગીએ છીએ.

એ ઇન્દ્રિયસુખના પ્રધાન સાધન બે પદાર્થ માનવામાં આવે છેઃ એક "સ્ત્રી" અને બીજું "ધન". એથી જ શાસ્ત્રોએ ખૂબ જ જોરથી તેના અનર્થની ઘોષણા કરીને કામિની-કાંચનના ભાગનો વારંવાર ઉપદેશ કર્યો છે. વાત એમ છે કે વિષયાસક્ત મનુષ્યની બહિર્મુખી ઇન્દ્રિયો સ્વાભાવિક રીતે જ રમણીય વિષયો તરફ જ દોડે છે. કામિની-કાંચનમાં રમણીયતા સુપ્રસિદ્ધ છે. તેની તરફ જવા માટે કોઇને પણ ઉપદેશ આપવો નથી પડતો. આપો-આપ જ ઇન્દ્રિયો મનને તે તરફ ખેંચી લઇ જાય છે. જગતનો ઇતિહાસ જોવાથી ખબર પડે છે કે સંસારના મહાયુદ્ધોમાં કામિની અને કાંચન જ મુખ્ય કારણભૂત થયેલ છે. અહિંયાં એટલું યાદ રાખવું જોઇએ કે પુરુષને માટે જેમ સ્ત્રી આકર્ષક છે તેમ સ્ત્રી માટે પુરુષ છે. કામિની શબ્દથી અહિંયાં કેવળ સ્ત્રી ન સમજતાં યૌવન સુધી આવનાર વ્યક્તિ સમજવી જોઇએ. સ્ત્રી માટે પુરુષ અને પુરુષ માટે સ્ત્રી, જેવી રીતે પુરુષનું ચિત્ત કામિની-કાંચન માટે તલસ્યા કરે છે, તેવી જ રીતે સ્ત્રીનું ચિત્ત પણ પુરુષ અને ધન માટે તલસ્યા કરે છે.

પરિણામ નહિં જણાવાથી પુરુષ સ્ત્રીના સૌન્દર્ય ઉપર અને સ્ત્રી પુરુષના સૌન્દર્ય ઉપર મોહિત થાય છે, અને એથી જ વિલાસિતાનો સામાન એકત્રિત કરવાની અભિલાષાથી સ્ત્રીપુરુષ ધન તરફ ખેંચાય છે.

જેવી રીતે સ્ત્રી અથવા પુરુષના અધિક ભોગને લઇને ધન, ધર્મ તથા જીવનશક્તિનો નાશ થાય છે, તેવી જ રીતે ધનના લોભમાં પણ સ્વાસ્થ્ય, ધર્મ-કર્મ તેમજ જીવનનું બલિદાન આપવું પડે છે. એક વખત તેની પ્રાપ્તિમાં જરા સરખું સુખ દેખાય છે, પરંતુ પરિણામે ભયાનક દુઃખ અને અશાન્તિની પ્રાપ્તિ અનિવાર્ય બને છે. જ્યાં સુધી તેનો વાસ્તવિક ત્યાગ નથી થતો ત્યાં સુધી કદિપણ શાંતિ મળતી નથી. શાંતિની પ્રાપ્તિ તો એનો સર્વતોભાવે ત્યાગ કરવાથી જ થાય છે.

પરંતુ મનુષ્ય માટે એનો ત્યાગ સંભવિત છે? સંભવિત હોય તો તે ત્યાગનું સ્વરૂપ શું છે અને એ ત્યાગ કેવી રીતે થઇ શકે છે? સંસારમાં પુરૂષ કે સ્ત્રી કોઈ પણ એવા નથી કે જે સ્ત્રી-પુરૂષના સંસર્ગથી શુન્ય હોય. માત-પિતાના રજવીર્યથીજ શરીર બને છે. પાલનપોષણ પણ માત-પિતા અથવા બહેન-ભાઇ વગેરેદ્વારા જ થાય છે. એ રીતે સર્વત્યાગી સાધુઓને પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કપડાં ભીક્ષાની આવશ્યક્તા રહે છે, જે અર્થસાધ્ય છે. એવી સ્થિતિમાં કોઇપણ માણસ સ્ત્રી અથવા ધનનો સર્વથા ત્યાગ કેવી રીતે કરી શકે? એ પ્રશ્નોનો ઉત્તર એ છે કે પહેલાં ત્યાગનો અર્થ સમજવો જોઇએ. કોઇપણ વસ્તુનો સ્વીકાર ન કરવો એ બાહ્ય ભાગ છે, અને એ વસ્તુમાં આસક્તિહીન રહેવું એ આંતરિક ત્યાગ છે હવે વિચાર કરો, આપણે એક ચીજનો ત્યાગ કરીએ છીએ, પરંતુ મન તો એની આવશ્યકતા સમજે છે, એનો અભાવ આપણા મનમાં ખટક્યા કરે છે અને તે પ્રાપ્ત કરવાની ઇચ્છા થાય છે. એવી સ્થિતિમાં એ વસ્તુનો બાહ્ય ત્યાગ એ સાચો ત્યાગ નથી. ખરો ત્યાગ તો એજ છે કે જેનાથી તે વસ્તુમાં આસક્તિજ ન રહે. જે ત્યાગમાં વસ્તુનું ચિંતન તેમજ આસ્વાદ મનમાંજ હોય છે તે ત્યાગ સાચો નથી. જરૂર ભોગમય જીવનની અપેક્ષાએ આંતર ત્યાગના સાધન રૂપે બાહ્ય ત્યાગ જરૂરનો છે, એનાથી આંતર ત્યાગમાં સહાયતા મળે છે અને ત્યાગની વૃત્તિ સ્વાભાવિક થાય છે, પરંતુ ખરો ત્યાગ તો આસકિતનો ત્યાગ જ છે. આસકિતના ત્યાગથી દ્વેષ, ભય, હર્ષ, શોક વગેરેનો પણ સ્વાભાવિક ત્યાગ થઈ જાય છે. પછી આગળ ઉપર તો ત્યાગનું અભિમાન અને ત્યાગની સ્મૃતિનો પણ ત્યાગ કરવો પડે છે. એજ ત્યાગનું સ્વરૂપ છે અને એ ત્યાગની પ્રાપ્તિ આસક્તિનો દોષ તથા ભગવાનનું યથાર્થ સ્વરૂપ જાણવાથી થાય છે. એટલું તો સાચું છે કે સ્ત્રી તથા ધનનો ત્યાગ સર્વાંશે થવો કઠિન છે તોપણ શાસ્ત્રો એના ત્યાગ ઉપર એટલા માટેજ એટલો બધો ભાર મુકે છે કે સર્વથા ત્યાગની વાત કરવાથી જ મનુષ્ય યોગ્ય રૂપે એનો વ્યવહારમાં સ્વીકાર કરશે જ. મનથી તો ત્યાગ થવોજ જોઇએ. બાહ્ય ત્યાગમાં પુરૂષે સ્ત્રી જાતિમાં દેવીની ભાવના કરવી જોઇએ. " स्त्रियः समस्ता सकला जगत्सु " અને ભગવતી માનીને તેને માતૃ-ભાવથી નમસ્કાર કરવા જોઇએ. સ્રીઓએ પુરૂષોને પિતા, ભાઈ કે પુત્ર રૂપે જોવા જોઇએ. બને ત્યાં સુધી કોઇ પણ રૂપમાં સ્ત્રીપુરૂષને પરસ્પર વધારે મળવા હળવાનું લાભદાયક નથી, પરંતુ જરૂર હોય ત્યારે ઉપર કહેલા ભાવથી જ મળવું જોઇએ. એજ રીતે ન્યાયમાર્ગે એટલું જ ધન ઉપાર્જન કરવાનો યત્ન કરવો જોઇએ કે જેટલાથી ગૃહસ્થ તરીકેનું કાર્ય સરળતાથી ચાલ્યું જાય. ઇન્દ્રિઓની તૃપ્તિ ખાતર તથા શરીરના આરામની ખાતર ઇશ્વરને ભૂલી જઇને, ન્યાયમાર્ગનો ત્યાગ કરીને, બીજાને નુકશાન કરીને, બીજાના હક ઉપર તરાપ મારીને અને અસત્યનો આશ્રય લઇને ધન ઉપાર્જન કરવાનો પ્રયત્ન કદી પણ ન કરવો જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જરૂર, આ સંસારમાં સ્ત્રી તેમજ ધનની પણ સાર્થકતા છે, તેની પણ જરૂર છે. પરંતુ તે હોવી જોઇએ પરમાર્થ કરવામાં સહાયકના રૂપમાં. એમ ન સમજવું કે જેટલી પરસ્ત્રીનો ત્યાગ કરવાની જરૂર છે તેટલી જરૂર પરાયા ધનનો ત્યાગ કરવાની નથી? જેવી રીતે નીચ કામવૃત્તિના ગુલામ બનવાથી મનુષ્ય પશુ કરતાં પણ અધમ, નીચ અને અસુર બની જાય છે, તેવી જ રીતે અર્થ લોભી મનુષ્ય પણ રાક્ષસ બની જાય છે. તે પોતાના શરીરના આરામ ખાતર શું નથી કરતો ? ગરીબો–દીનદુઃખીના આંસુથી પોતાના ભોગવિલાસની તરસ છીપાવનાર અને શરીરને આરામમાં રાખનાર મનુષ્ય રાક્ષસ નહિ તો બીજુ શું છે ? પોતાના શરીરના રક્ષણ ખાતર જેટલું જરૂરનું હોય તેટલા દ્રવ્ય પર ખરેખરી રીતે આપણો અધિકાર છે. આપણા આરામ અથવા ભોગ માટે તેનાથી વધારે ખર્ચ કરવો એ સંપત્તિનો દુરુપયોગ કરવા જેવું છે એ ધનથી તો ગરીબ દુઃખી માણસની સેવા કરવી જોઇએ. પરંતુ એ સેવામાં અહંકાર ન આવવો જોઇએ. એટલું માનવું જોઇએ કે ભગવાનની પ્રેરણાથી પ્રેરાઇને તેનાથી ભગવાનની સેવા થાય છે યાદ રાખવું જોઈએ કે ત્યાગ કરવો છે ભોગ અને આસક્તિનો, નિષ્કામ પ્રેમ તથા સેવાનો નહિં. વાસ્તવિક પ્રેમ અને સેવા ત્યાગ કરવા છતાં પણ થાય છે. અને એજ સેવા ભગવત્સેવા કહેવાય છે.

વાસ્તવિક રીતે કામિની–કાંચનની ક્ષણભંગુરતા, નિઃસારતા અને દુઃખ–રૂપતાનો નિશ્ચય થતાં જ એની અંદર મન નહિં રહે. પછી તો એના ત્યાગમાં વિલક્ષણ પ્રકારના આનંદ અને શાંતિની પ્રાપ્તિ થશે. અને જે ત્યાગમાં આનંદ તથા શાંતિ મળે છે તેજ યથાર્થ ત્યાગ છે.

આથી પણ વધારે ત્યાગ કરવા લાયક એક બીજી વસ્તુ છે–એ છે કીર્તિની ઇચ્છા. ‘ કોઇ પણ પ્રકારે મારી કીર્તિ વધે, લોકો મને ઉત્તમ માને, આજ ભલે મને કોઇ ન જાણે, પણ ઇતિહાસમાં મારૂં નામ સદોજજવલ રહે. અને એ સુકીર્તિ માટે સ્ત્રી, પુત્ર, ધન, માન, પ્રાણ વગેરેમાંથી કોઇ પણ ચીજનો ત્યાગ કેમ ન કરવો પડે ? ” આ જાતની કીર્તિ કામનાનો ત્યાગ કરવો ખૂબ જ મુશ્કેલ છે. અને જ્યાં સુધી એનો ત્યાગ નથી થતો ત્યાં સુધી મોટાં મોટાં અનુષ્ટાન, પુણ્યકર્મ, સાધન તથા તપજપ એના પ્રવાહમાં સ્હેજે વહી જાય છે. મનુષ્ય પોતાનું જીવનભરનું કર્યું કારવ્યું કીર્તિ પિશાચીના ચક્રમાં પડીને નષ્ટ કરી દે છે. એ દરેક કામ કરતી વખતે એટલુંજ વિચારે છે કે એમાં મારી કીર્તિ થશે કે નહિં ? અને આગળ ઉપર એવો કીર્તિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ષટ્ દ્રવ્યસ્વરૂપ.

લેખક:—શ્રીયુત્ મોહનલાલ દીપચંદ ચોકસી.

| | દ્રવ્ય સ્વરૂપ. | ગુણ ( નિત્યધ્રુવ ) | | | | પર્યાય | | | | વિશેષતા. |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | ૨ | ૩ | ૪ | ૧ | ૨ | ૩ | ૪ | |
| ૧ | ધર્માસ્તિકાય | અરૂપી | અચેતન | અક્રિય | ગતિસ્હાય | ખંધ | દેશ | પ્રદેશ | અગુરૂ લઘુ | |
| ૨ | અધર્માસ્તિકાય | ,, | ,, | ,, | સ્થિતિસ્હાય | ,, | ,, | ,, | ,, | |
| ૩ | આકાશાસ્તિકાય | ,, | ,, | ,, | અવગાહના દાન | ,, | ,, | ,, | ,, | |
| ૪ | કાળ | ,, | ,, | ,, | નવાપુરાણુ વર્તનાલક્ષણ | અતીત | અનાગત | વર્તમાન | ,, | |
| ૫ | પુદ્ગલાસ્તિકાય | રૂપી | ,, | સક્રિય | મિલન વિખરણ | વર્ણ | ગંધ | રસ | સ્પર્શ | અગુરૂ લઘુ સહિત |
| ૬ | જીવ—દ્રવ્ય | અનંત જ્ઞાન | અનંત દર્શન | અનંત ચારિત્ર | અનંતવીર્ય | અવ્યાબાધ | અનવગાહ | અમૂર્તિક | અગુરૂ લઘુ | સક્રિય પણ ( ચેતન સ્વભાવ ) |

કામી પુરૂષ દંભાચરણનો આશ્રય લઇને સાધન પંથથી પતિત થઈ જાય છે. ભગવાનનું સ્મરણ ચાલ્યું જાય છે. ભગવાનને બદલે હૃદયમાં બહારથી અત્યંત સુંદર કીર્તિની કરાલ મૂર્તિ આવીને બિરાજે છે અને યેન કેન પ્રકારેણ તેની સેવામાં મનુષ્યનું બહુમૂલ્ય જીવન નકામું ચાલ્યું જાય છે. એ સઘળા પ્રતિબંધકોનું મૂળ છે. મોહરૂપ વિઘ્ન, અને એના સહાયક છે તેનાથી પેદા થયેલા અહંકાર, મમતા, કામના અને આસક્તિરૂપ દોષો છે. એનો એકાએક ત્યાગ કરવો ખૂબજ કઠિન છે. ઇશ્વરકૃપાના બળથી સર્વ કાંઇ થઇ શકે છે. ભગવત્કૃપા સૌ ઉપર થાય તોપણ તેનો અનુભવ શ્રદ્ધાળુ પુરૂષોને જ થાય છે તેથી ભગવાનનું નામ લેતાં લેતાં ભગવાનની કૃપા પર વિશ્વાસ રાખવો જોઇએ. ભગવાનની કૃપાથી એ ચોરેનું મુખ વિષયો તરફથી હઠીને ભગવાન તરફ આવી જશે.

( સંપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## આઠ પક્ષથી દ્રવ્ય વિચારણા–પક્ષ.

(૧) નિત્ય (૨) અનિત્ય (૩) એક (૪) અનેક (૫) સત્ (૬) અસત્ (૭) વક્તવ્ય (૮) અવક્તવ્ય.

### ૧ ધર્માસ્તિકાય.

( ૧/૨ ) ચાર ગુણ તથા ખંધ પર્યાય નિત્ય અને દેશ વિગેરે ત્રણ પર્યાય અનિત્ય.

( ૩/૪ ) ખંધ લોકાકાશપ્રમાણુ એક છે, ગુણો અનેક છે, પર્યાય અનંતા છે અને પ્રદેશ અસંખ્યાતા છે તેથી અનેક છે.

( ૫/૬ ) સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાય અને સ્વભાવપણે સત (છતા) છે પણ પરદ્રવ્ય, પરક્ષેત્ર, પરકાળ પરભાવપણે અસત્ છે.

**નોટઃ**—ચલણસહાય એ સ્વદ્રવ્ય અસંખ્ય પ્રદેશ એ સ્વક્ષેત્ર અગુરૂલઘુ એ સ્વકાય અને પોતપોતાના ગુણ પર્યાય તે સ્વભાવ સમજવો.

( ૭/૮ ) અનંતા ગુણપર્યાય તે વક્તવ્ય=વચને કહેવા યોગ્ય છે અને અનંતા ગુણપર્યાય તે અવક્તવ્ય=વચને કહ્યા જાય નહીં એવા છે. કેવળી ભગવંતે સમસ્ત ભાવ દીઠા. તેને અનંતમેં ભાગે તે વક્તવ્ય હતા તે કહ્યા. વળી તેનો અનંતમો ભાગ શ્રી ગણધરે સૂત્રમાં ગુંથ્યો તેના અસંખ્યાતમે ભાગે હમણાં રહ્યો છે.

### ૨ અધર્માસ્તિકાય.

( ૧/૨ ) ચાર ગુણ તથા લોકપ્રમાણ ખંધ નિત્ય બાકીના ત્રણ પર્યાય અનિત્ય છે.

( ૩/૪ ) ખંધ લોકાકાશપ્રમાણ હોય એક, પણ ગુણો અનેક તેમજ પ્રદેશ અસંખ્યાતા એટલે પર્યાય અનેક છે.

( ૫/૬ ) સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સત પરદ્રવ્યાદિની અપેક્ષાએ અસત્.

**નોટઃ**—સ્થિતિ સ્હાયરૂપ સ્વદ્રવ્ય, અસંખ્ય પ્રદેશરૂપ સ્વક્ષેત્ર, અગુરૂ લઘુરૂપ સ્વકાળ અને પોતપોતાના ગુણ–પર્યાયરૂપ સ્વભાવ.

( ૭/૮ ) ધર્માસ્તિકાય મુજબ આખી વ્યાખ્યા સમજી લેવી.

### ૩ આકાશાસ્તિકાય.

( ૧/૨ ) ચાર ગુણ તથા ખંધ નિત્ય છે અને ત્રણ પર્યાય અનિત્ય છે.

( ૩/૪ ) લોકાલોકપ્રમાણ ખંધ એક છે. પર્યાય અનંતા. ગુણ અનંતા ને પ્રદેશ અનંતા માટે અનેક છે.

( ૫/૬ ) સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સત્ અને પરદ્રવ્યાદિની અપેક્ષાથી અસત્,

**નોટઃ**—અવગાહનપણું, સ્વદ્રવ્ય–અનંત પ્રદેશ, સ્વક્ષેત્ર, અગુરૂલઘુરૂપ સ્વકાળ. ગુણપર્યાયરૂપ સ્વભાવ.

( ૭/૮ ) ધર્માસ્તિકાયની માફક આખી વ્યાખ્યા સમજી લેવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



### ૪ કાળદ્રવ્ય

( ૧/૨ ) ચાર ગુણ નિત્ય છે. ચાર પર્યાય અનિત્ય છે.

( ૩/૪ ) વર્તના રૂપે ગુણ એક છે. ગુણ અનંતા છે, પર્યાય અનંતા છે કેમકે સમય અનંતા છે. અતીત કાળે અનંતા સમય ગયા અને અનાગત કાળે અનંતા સમય આવશે તથા વર્તમાન કાળનો સમય એક તેથી અનેક.

( ૫/૬ ) સ્વદ્રવ્યાદિ અપેક્ષાએ સત પરદ્રવ્યાદિની અપેક્ષાએ અસત્

**નોટ:**—સ્વદ્રવ્ય વર્તનાલક્ષણપણુ, સ્વક્ષેત્ર સમય રૂપ સ્વકાળ અગુરૂલઘુરૂપ સ્વભાવ ઉત્પાદવ્યયની વર્તના યુક્ત ગુણપર્યાય.

( ૭/૮ ) ધર્માસ્તિકાયની માફક વ્યાખ્યા સમજવી,

### ૫ પુદ્ગલાસ્તિકાય.

( ૧/૨ ) ચાર ગુણ નિત્ય છે અને ચાર પર્યાય અનિત્ય છે.

( ૩/૪ ) સર્વ પરમાણુમાં પુદ્ગલપણું એક હોવાથી એક છે, પુદ્ગલ દ્રવ્યના પરમાણુ અનંતા છે. પણ એકેક પરમાણુમાં અનંતા ગુણ–પર્યાય છે તે તે અનંતપણુ છે માટે અનેક છે.

( ૫/૬ ) સ્વદ્રવ્યાદિની અપેક્ષાએ સત્ પરદ્રવ્યાદિ અપેક્ષાએ અસત્.

**નોટ:**—સ્વદ્રવ્ય પુરણગળનપણું સ્વક્ષેત્ર એક પરમાણુ સ્વકાળ અગુરૂલઘુરૂપ સ્વભાવગુણપર્યાય.

( ૭/૮ ) ધર્માસ્તિકાયની માફક આખી વ્યાખ્યા સમજી લેવી.

### ૬ જીવદ્રવ્ય

( ૧/૨ ) ચાર ગુણ તથા ત્રણ પર્યાય નિત્ય છે, અગુરૂલઘુ પર્યાય અનિત્ય છે.

( ૩/૪ ) જીવ દ્રવ્ય અનંતા છે અકેકા જીવમાં પ્રદેશ અસંખ્યાતા છે તથા ગુણ અનંતા છે તે અનેકપણું છે, પણ જીવિતપણું સર્વ જીવનું એક સરખું છે માટે એકપણું પણ છે.

( ૫/૬ ) સ્વદ્રવ્યાદિ અપેક્ષાએ સત પરદ્રવ્યાદિ અપેક્ષાએ અસત

**નોટ:**—સ્વદ્રવ્ય જ્ઞાનાદિક ચેતના લક્ષણરૂપ સ્વક્ષેત્ર એક જીવના અસંખ્યાતા પ્રદેશ છે.

સ્વકાળ અગુરૂલઘુરૂપ. સ્વભાવ. ગુણપર્યાય.

( ૭/૮ )ધર્માસ્તિકાયની માફક આખી વ્યાખ્યા સમજી લેવી.

ઉક્ત છ દ્રવ્યો મધ્યે નીચે પ્રમાણે સામાન્ય ગુણો દરેકમાં છે.

### ( ૧ ) અસ્તિત્વ

છ દ્રવ્ય પોતપોતાના ગુણપર્યાય પ્રદેશે કરી અસ્તિ સ્વભાવી છે, તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને જીવ એ દ્રવ્યચાર અસંખ્યાતા પ્રદેશ મળવાથી ખંધ થાય છે અને પુદ્ગલમાં ખંધ થવાની શક્તિ છે માટે પાંચ દ્રવ્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અસ્તિકાય છે. છઠ્ઠો કાળ દ્રવ્ય અસ્તિકાય નથી કેમકે એક સમય વિનષ્ટ થયા પછી બીજો સમય આવે છે. સમય મળતો નથી.

### ૨ વસ્તુત્વ.

છએ દ્રવ્ય એકઠા એક ક્ષેત્ર મધ્યે રહ્યા છે; જેમકે એક આકાશપ્રદેશમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયનો એકેક પ્રદેશ તેમજ અનંત આત્માના અનંત પ્રદેશ તેમજ પુદ્ગલ પરમાણુ અનંતા રહ્યા છે. આમ છતાં પોતપોતાની સત્તા કાયમ છે; કોઈ કોઇમાં તદ્રૂપપણે મળી જતું નથી. તેનું નામ વસ્તુત્ત્વ યાને વસ્તુપણું.

### ૩ દ્રવ્યત્વ.

સર્વ દ્રવ્યો પોતપોતાની ક્રિયા કરે છે. ઉદાહરણ તરિકે ધર્માસ્તિકાયનો ચલણ સ્વભાવ તે સર્વ પ્રદેશ મધ્યે છે. સદા કાળ પુદ્ગલ તથા જીવને ચલાવવા રૂપ ક્રિયા કરે છે, તે જ પ્રમાણે અધર્માસ્તિકાયાદિના ગુણોનું સમજવું. એનું નામ દ્રવ્યપણું. સિદ્ધના જીવો અક્રિય હોવાથી લોકાંતે હોવા છતાં ગતિ કરતા નથી. બાકી તે જ ક્ષેત્રમાં રહેલા સૂક્ષ્મ નિગોદના જીવો તથા પુદ્ગલોને ગતિ વીગેરેની ક્રિયાઓ કરવી પડે છે.

### ૪ પ્રમેયત્વ.

પ્રમેયપણુ યાને પ્રમાણુવિચારણા. કેવળી ભગવંત પોતાના જ્ઞાનથી નીચે પ્રમાણે બતાવે છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય અકેક દ્રવ્ય છે, જીવ દ્રવ્ય અનંતા છે, તેની ગણત્રી:-સંજ્ઞી મનુષ્યો સંખ્યાતા, અસંજ્ઞી મનુષ્યો અસંખ્યાતા નારકી અસંખ્યાતા, દેવતા અસંખ્યાતા છે. તિર્યંચ પંચેંદ્રિય, બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચૌરિંદ્રિય અસંખ્યાતા છે. પૃથ્વી આદિ પાંચ કાયના જીવો પણ અસંખ્યાતા છે. તે થકી સિદ્ધના જીવો અનંતા, એ થકી બાદર નિગોદના જીવ અનંતગુણા. બાદર નિગોદ એટલે કંદમૂળ, આદુ, સુરણ વિ. એના સોયના અગ્રભાગ જેટલા પ્રદેશમાં અનંતા જીવો છે. તે સિદ્ધના જીવથી અનંતગુણા છે અને સૂક્ષ્મ નિગોદ સર્વથી અનંતગુણા છે. જેટલા લોકાકાશના પ્રદેશ તેટલા ગોળા છે. અકેક ગોળામાં અસંખ્યાતા નિગોદ (નિગોદ=અનંતા જીવનું પિંડભૂત એક શરીર) છે. તે અકેક નિગોદ મધ્યે અનંતા જીવ છે. અતીતકાળના સર્વ સમય તથા અનાગત કાળના સર્વ સમય અને વર્તમાન કાળનો એક સમય-એ બધાને ભેળા કરી અનંતગુણા કરીએ એટલા જીવો એક નિગોદમાં હોય છે. આ ઉદાહરણ સમજવા સારૂ છે. કોઇએ ઉક્ત સમયો ભેગા કર્યા નથી ને માપ કહાડયું પણ નથી, પણ વાત વિચારતાં જ અનંતા કહેવાનું સાર્થકય સમજાઇ જશે. સંસારી અકેકા જીવના અસંખ્યાતા પ્રદેશો છે. અને અકેકા પ્રદેશે અનંતી કર્મવર્ગણા લાગી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. એકેક વર્ગણા મધ્યે અનંતા પુદ્ગલ પરમાણુ છે. એમ અનંતા પરમાણુ જીવ સાથે લાગ્યા છે તે થકી અનંત ગુણ પુદ્ગલ પરમાણુ જીવથી રહિત–છૂટા છે. નિગોદમાં અનંતા જીવ એવા છે કે જેઓ કોઇ વાર ત્રસપણુ પામ્યા નથી હોતા. અનંતો કાળ ગયો અને હજુ અનંતો જશે પણ તેઓ ત્યાં જ ઉપજે છે ને મરણ પામી પાછા ત્યાં જ ચ્યવે છે. તેથી નિગોદના બે ભેદ પડે છે. (૧) વ્યવહારરાશી નિગોદ. (૨) અવ્યવહારરાશી નિગોદ. ઉપર વર્ણવેલા જીવો બીજા ભેદમાં આવે છે બાદર એકેંદ્રિયપણું એટલે કે ભાવ ત્રસપણુ પામી પાછા નિગોદમાં પડનાર જીવો વ્યવહારરાશીયા કહેવાય છે. મનુષ્યપણામાંથી જેટલા જીવો કર્મ ખપાવીને એક સમયમાં મોક્ષે જાય છે તેટલા જીવો તેજ સમયે પેલી અવ્યવહારરાશીમાંથી નીકળી વ્યવહારરાશીમાં આવે છે. કોઇક વેળા ભવ્ય જીવ ઓછા નીકળે છે તો તે ઠેકાણે એક બે અભવ્ય નિકળી આવે છે. પણ વ્યવહારરાશીનો કાંટો બરાબર જ રહે છે. નિગોદના અસંખ્યાતા લોક માંહેલા ગોળા છ દિશાના આવ્યા પુદ્ગલને આહારાદિપણે લે છે તે સકળ ગોળા કહેવાય છે; જ્યારે લોકાંતના પ્રદેશે જે ગોળા રહ્યા છે તેને ત્રણ દિશાના આહારની ફરશના હોવાથી વિકળ ગોળા કહેવાય છે. સૂક્ષ્મ નિગોદમાં પાંચ રથ વરના સૂક્ષ્મ જીવ તે સર્વ લોકમાં કાજળની કુંપળીની માફક ભર્યા થકા વ્યાપી રહ્યા છે. સૂક્ષ્મ નિગોદમાં અનંતુ દુઃખ છે. કોઇ દેવતા સમકાળે સાડા ત્રણ ક્રોડ લોઢાની સોયો અગ્નિથી તપાવીને કોઇક મનુષ્યને ચાંપે અને તેને તેથી જે વેદના થાય તેથી અનંતગુણી વેદના નિગોદ મધ્યે છે. ભવ્યજીવને નિગોદનું કારણ અજ્ઞાનદશા છે.

## ૫ સત્વપણું.

છ દ્રવ્ય એક સમયમાં ઉપજે, વિણસે અને સ્થિરપણે છે; કેમકે 'ઉત્પાદવ્યયધ્રુવયુક્તં સત્' ઈતિ વચનાત્ સર્વમાં અગુરૂલઘુનો ભેદ છે.

## ૬. અગુરૂલઘુપણુ.

દ્રવ્યોમાં જે અગુરૂલઘુ પર્યાય છે તે છ પ્રકારની હાનિવૃદ્ધિ કરે છે. **છ પ્રકારની વૃદ્ધિ** (૧) અનંત ભાગવૃદ્ધિ (૨) અસંખ્યાત ભાગવૃદ્ધિ (૩) સંખ્યાત ભાગવૃદ્ધિ. (૪) સંખ્યાત ગુણવૃદ્ધિ (૫) અસંખ્યાત ગુણવૃદ્ધિ (૬) અનંત ગુણવૃદ્ધિ. **છ પ્રકારની હાનિ** (૧) અનંત ભાગહાનિ (૨) અસંખ્યાત ભાગહાનિ (૩) સંખ્યાત ભાગહાનિ (૪) સંખ્યાત ગુણહાનિ (૫) અસંખ્યાત ગુણહાનિ (૬) અનંત ગુણહાનિવૃદ્ધિ. ઉપજવાપણું. હાનિ વ્યય થવાપણું, સર્વ દ્રવ્યમાં ઉક્ત પ્રકારની વૃદ્ધિ તથા હાનિ સદા સમયે સમયે થઇ રહી છે.

**ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી મહેન્દ્ર પંચાંગ માટે સાક્ષર મુનિવર્યનો અભિપ્રાય.

## जयन्तु वीतरागाः ।

"શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ" ના સંબંધમાં મારા વિચારો જણાવવા પહેલાં મારે એક વાત સ્પષ્ટ કરી દેવી જરૂરી છે કે જ્યોતિષના વિષેનું મારૂં જ્ઞાન કશું જ નથી. તે છતાં પંચાંગના સૂત્રધાર મુનિ શ્રી વિકાસવિજયજીએ પ્રત્યક્ષમાં તેમના પંચાંગ વિષેની જે હકીકત મને સમજાવી છે તે ઉપરથી તેમજ હિંદુસ્તાનભરમાં ખગોળવિદ્યાવિષયક સૂક્ષ્મ જ્ઞાન ધરાવનાર અતિ અલ્પસંખ્યક વિદ્વાનો પૈકીના એક શ્રીયુત પ્રો૦ હરિહર પ્રાણશંકર ભટ્ટ મહાશયના કથનાનુસાર "શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ"ના વિષયમાં મારા વિચારો નીચે મુજબ છે.

આજે એક વાત અતિસ્પષ્ટ છે કે—ખગોળવિદ્યાવિષયક આપણા પ્રચલિત ગણિતમાં ઘણી જ ગરબડ છે અને તે આજની જ નહિ પણ સૈકાઓના સૈકાઓ થયાં ચાલી આવે છે. આ ગણિતના આધારે ગણતરી કરી જે જે વસ્તુ કહેવામાં આવે છે તે મુજબ આકાશમાં પ્રત્યક્ષ દર્શન કરતાં ઘણીખરી બાબતો રીતસર મળતી નથી એટલે ખગોળ વિષયક આપણું ચાલુ ગણિત અને તે દ્વારા તૈયાર થએલ આપણા પંચાંગો દૂષિત જ છે. આ દશામાં પંદરમા સૈકાના પૂર્વાર્ધમાં વિદ્યમાન જ્યોતિર્વિદ્યાવિશારદ સમર્થ જૈનાચાર્ય શ્રી મહેન્દ્રસૂરિએ જેમ પ્રાચીન રૂઢ ગણિતને પડતું મૂકી પોતાની નવીન ગણતરી અનુસાર કામ લીધું છે તે પ્રમાણે આજે પણ થવું જોઇએ.

બીજી વાત એ પણ છે કે—આજે પંચાંગના નિર્માણ માટે જે ગણિતને આધારભૂત માનવામાં આવે છે, એ ગણિત સ્થૂલ હોઇ તેના આધારે જણાવેલ દરેક બાબતમાં ઘણો જ ફરક પડે છે.

આ રીતે આજનાં આપણાં ચાલુ પંચાંગો ગણિતની વિસંવદિતતા અને તેનું સ્થૂલપણું એ બે કારણસર દૂષિત હોવાથી એ પંચાંગોને આધારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કામ લેવાની રૂઢ પ્રણાલિકાને ચાલુ રાખવી એ આજના યુગમાં કોઈ રીતે યોગ્ય ન ગણવું જોઇએ.

શ્રી મુનિ વિકાસવિજયજીએ "શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ "ના નિર્માણમાં જૈનાચાર્ય શ્રી મહેન્દ્રસૂરિકૃત **યંત્રરાજ** જેવા આર્ષ ગ્રંથ ઉપરાંત ખગોળ-શાસ્ત્રના છેલ્લામાં છેલ્લા સિદ્ધાંતો પ્રમાણે અને આધુનિક સૂક્ષ્મ વેધસામગ્રી-વડે લેવાયલા વેધો દ્વારા સિદ્ધ થયેલા અતિસૂક્ષ્મ ગણિતનો ઉપયોગ કર્યો છે. એટલે તેમણે જે જે વસ્તુ તેમના પંચાંગમાં જણાવી છે તે આકાશમાં પ્રત્યક્ષ દર્શન કરતાં બરાબર મિનિટે મિનિટ મળી રહે છે. આ કારણસર એ અતિ જરૂરનું છે કે જૈન પ્રજાએ આ પંચાંગને જ અપનાવવું જોઇએ અને તિથિ વગેરેનું આરાધન આ પંચાંગને આધારે કરવું જોઇએ.

અહીં એ ખાસ વિચારવા જેવું છે કે આપણે પર્વતિથિ વગેરેનું આરાધન કરીએ કે શુભ મુહૂર્ત્તને લક્ષીને પ્રવ્રજ્યા આદિ શુભ ધર્મકાર્યો કરીએ, ત્યારે ખરૂં જોતાં તે પર્વતિથિ કે તે શુભ મુહૂર્ત્ત જ ન હોય તો આપણું પર્વારાધન કે આપણા શુભ ધર્મકાર્યો વસ્તુતઃ ફળવાન શી રીતે થઇ શકે ? એટલે જૈનપ્રજાએ પર્વતિથિ વગેરેના આરાધન માટે કે દીક્ષા આદિ ધર્મકૃત્યોનાં મુહૂર્ત્ત માટે પ્રત્યક્ષ પ્રમાણથી સત્ય સાબિત થતા "શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ" ને જ આધારભૂત લેખવું જોઇએ.

"શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ"નું આજે કયું સ્થાન છે એ માટે એટલું જ કહેવું બસ થશે કે જ્યોતિર્વિદ્યાવિશારદ જૈનેતર વિદ્વાનો આ પંચાંગની પ્રામાણિકતા વિષે તેમજ એના ગણિતની અતિસૂક્ષ્મતા વિષે નિષ્પક્ષપાતપણે પ્રશંસા કરે છે; એટલું જ નહિ પણ કેટલાક વિદ્વાનો "શ્રી મહેન્દ્ર જૈન પંચાંગ" નો પોતાના પંચાંગમાં અક્ષરશઃ ઉતારો સુદ્ધાં આપે છે.

અંતમાં હું એટલું જ કહું છું કે—જૈનપ્રજા માટે આ એક અતિ ગૌરવની વસ્તુ છે કે તેના જ એક જાયા જૈન સાધુએ આજ સુધી કોઈએ નહિ કરેલું એવું પંચાંગનિર્માણનું કાર્ય સફળપણે પાર ઉતાર્યું છે.

પાટણ. તા. ૨૭–૧–૧૯૩૮
સં. ૧૯૯૪ પો. વ. ૧૧

મુનિ પુણ્યવિજય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વીકાર અને સમાલોચના

**૧-મહાવીરસ્વામીનો અંતિમ ઉપદેશ,** (શ્રીઉત્તરાધ્યયન સૂત્રનો છાયાનુવાદ.) સંપાદક-**ગોપાળદાસ** જીવાભાઇ પટેલ. પ્રકાશક-**જૈન સાહિત્ય** પ્રકાશન સમિતિ c/o નવજીવન કાર્યાલય, અમદાવાદ. શ્રી પુંજાભાઇ જૈન ગ્રંથમાળાના ૧૩મા પુસ્તક તરીકે પ્રકટ થયેલ છે. **જૈન** આગમોમાં રહેલ **જૈન** દર્શનના અપૂર્વ તત્ત્વોનું આવી શૈલીથી અને બાળ અને **જૈનજૈનેતર** વિદ્વાનો સમજી શકે તેવી ગુજરાતી ભાષામાં છાયાનુવાદ આવી રીતે પ્રકટ થાય તે ખુશી થવા જેવું છે. અનુવાદક મહાશયે પોતાની પ્રસ્તાવનામાં મહાવીરસ્વામીનો આ છેલ્લો ઉપદેશ હતો તેમ જણાવે છે. પરંતુ તે મૂળ સૂત્ર તરીકે તો કબૂલ રાખે છે, છતાં પણ મહાવીરસ્વામીના શબ્દો ઉપરાંત તેમાં બીજા લેખકની કૃતિ પણ જણાવે છે. **જૈન** દર્શન મૂળ સૂત્રની બાબતમાં તેમ હોતું નથી, પરંતુ ટીકા વગેરેમાં તેવું બનવાજોગ લાગે ખરૂં. પરંતુ મૂળ સૂત્રોમાં બીજા લેખકની કૃતિ છે કે નહિ તેનો ખુલાસો વિદ્વાન મુનિમહારાજ ને આગમના નિષ્ણાત જ કરી શકે, અથવા આ અનુવાદકના અનુમાનોનો યોગ્ય ખુલાસો તેઓશ્રી કરી શકે. આ ઉત્તરાધ્યયન સૂત્રના ૫૫ અધ્યયનો છે અને ૫૬ પ્રશ્નો અણપૂછ્યા લેખક જણાવે છે; પરંતુ જિનેશ્વર ભગવાન પોતાની દેશનામાં કે શિષ્યને ત્રિકાળજ્ઞાની હોવાથી જરૂર લાગતાં વગરપૂછ્યા પણ પ્રશ્નોનું પણ વિવરણ કરી શકે છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં કેટલાક અધ્યયનમાં સિદ્ધાંતિક વિષયો, કેટલાકમાં નવા દીક્ષિતોને કર્તવ્યનું ભાન કરાવવું અને વિઘ્નો આવતાં તેમને સાવચેત રાખવાનું વગેરે છે. તેમજ ઉપદેશાત્મક ભાગ સિવાય કથાઓ પણ કેટલાક અધ્યયનોમાં આવી છે કે જેના વિના વસ્તુસ્વરૂપ સમજાઇ શકે નહિ, છતાં તે કથાવિભાગને લેખક દંતકથાઓ તરીકે જણાવે છે. દંતકથાઓ છે કે સત્ય કથાઓ તેનું નિરૂપણ જૈનેતર વિદ્વાન કરી શકે નહિ. તે તો આગમનું જ્ઞાન ધરાવનાર જ કરી શકે, તેમ ગમે તેમ હો પરંતુ એકંદરે અનુવાદ સરલ અને વાંચવા યોગ્ય લખાયેલો છે. અને અનુવાદકર્તા વિદ્વાન મહાશય છે એમ તો અમારે કહેવું જોઇએ, જેથી આગમોનિષ્ણાત તરફથી આગમોના આવા છાયાનુવાદ પ્રકટ થાય તો અન્ય દર્શનકારો અને જૈનેતર વિદ્વાનોના પ્રશંસાપાત્ર અને જૈન દર્શન માટે વધારે ગૌરવવંતું થાય પણ હાલ તો તે દેખાતું નથી. કિંમત રૂા. એક યોગ્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

**મુનિશ્રી દર્શનવિજયજી તથા મુનિ જ્ઞાનવિજયજી તથા મુનિશ્રી ન્યાયવિજયજી** ઘણા વખતથી જે દેશમાં પ્રાયઃ જૈન ધર્મ શું તે નહિ જાણનારવાળા પ્રદેશ, U. P. વાયવ્યપ્રાંત દિલ્હી, મેરઠ, અજમેર, સરધના જીલ્લા વગેરેમાં અનેક કષ્ટ સહન કરી ધર્મપ્રચારનું કાર્ય કરી રહ્યા છે. ઘણા અજૈનોને અને અન્ય ધર્મવાળાને જૈનમય ઉપદેશદ્વારા બનાવી તેઓની શ્રદ્ધા ટકી રહે તે માટે નવા દેરાસર, વાંચનાલય, ઉપાશ્રય વગેરે ઉપદેશદ્વારા કરાવવાનો પ્રબંધ પણ થઇ રહ્યો છે. હાલમાં મેરઠ જીલ્લામાંથી વિહાર કરી **ભંભોરી, સરધના**, ગોલા, કાંનાલી, **મુજફરનગર** અને ખતૌમી, વગેરે ગામોમાં અનેક માણસોને જૈન બનાવ્યા છે. ધરમંદિર, સ્વામીવાત્સલ્ય, પ્રભાવના વગેરેવડે જૈન ધર્મનો સુંદર પ્રચાર કરી રહ્યા છે. હજી વિશેષ પ્રયત્ન ચાલુ છે. અન્ય મુનિમહારાજાઓએ જૈનધર્મપ્રચારનું કાર્ય કરવાનો આ સમય છે. મુનિમહારાજાઓનું આ સુંદર કાર્ય અનુકરણીય અને પ્રશંસનીય છે.

ભાવનગર શ્રી સંઘના અગ્રગણ્ય **શ્રીયુત જીવરાજભાઇ ઓધવજી** જોંસર ન્યા૦ સાહેબ હાલમાં ભાવનગર રાજ્યની હાઇકોર્ટના ચીફ જજ્જ **સર ન્યાયાધીશ સાહેબના** ઉચ્ચ સ્થાન પર બિરાજમાન થયેલ હોવાથી શ્રી જૈનધર્મ પ્રસારક સભા તરફથી પોષ શુદ ૧૫ તા. ૧૬–૧–૩૮ ના રોજ **મહેરબાન ભાસ્કરરાવભાઇ વિઠ્ઠલદાસ** ભાવનગર રાજ્યના મેહેરબાન જ્યુડીશીયલ આસીસ્ટંટ સાહેબના પ્રમુખપણા નીચે માનપત્ર આપવાનો મેળાવડો કરવામાં આવ્યો હતો. જુદા જુદા બંધુઓ તરફથી વિવેચનો થતાં મેહેરબાન પ્રમુખ સાહેબના વિદ્વત્તાપૂર્ણ વિવેચન બાદ ચા–ટિફિન લઇ મેળાવડો વિસર્જન થયો હતો.

## શ્રી પવિત્ર શત્રુંજય તીર્થનો છ–રી પાળતો શ્રી જામનગરથી નીકળેલો સંઘ.

માગશર શુદ ૪ ના રોજ શ્રી શત્રુંજય તીર્થનો છ–રી પાળતો સંઘ શેઠ પોપટલાલ ધારશીભાઇના તરફથી સંઘ કાઢવામાં આવ્યો છે. સાંભળવા પ્રમાણે ત્રણશેં થાણા સાધુસાધ્વી મહારાજ, શુમારે બારશેં શ્રાવકશ્રાવિકાના સમુદાય સાથે દબદબાભર્યો શ્રીસંઘ રાજકોટ, જુનાગઢ, વેરાવળ, પ્રભાસ, ઉના, મહુવા, તળાજા થઇ માહ વદિ ૧ ના રોજ શ્રી પાલીતાણા મુકામે પ્રવેશ કરશે. કેટલાક શહેરની પ્રશંસા પામતો, સંઘનો માનપત્રાદિથી સત્કાર પામતો, યથાશક્તિ ધાર્મિક ખાતાને આર્થિક સહાય આપતો આ સંઘ બહોંતેર દિવસે શ્રીસિદ્ધાચળજીના દર્શનભક્તિ ભાવનાનો લાભ લેશે. આવા છ–રી પાળતા સંઘોથી અનેક ગામ શહેરોના સ્થિતિ અને જરૂરીયાતનું ભાન થતાં તે તે સ્થાનોને યોગ્ય સહાય મળે. આવા સંઘોથી શાસનપ્રભાવના કેવી અને કેટલી થાય છે તે તે દૃષ્ટિએ જોનારને માલમ પડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ઓનરરી સેક્રેટરીપદ.

**શ્રીયુત વિઠ્ઠલદાસભાઇ મૂળચંદ બી. એ.** ને **શ્રી જૈન આત્માનંદ સભા** ભાવનગરે તા. ૧૬–૧–૧૯૩૮ ના રોજ જનરલ કમીટી મળતાં સભાના (એક વધારે) સેક્રેટરીપદ ઉપર નિમ્યા છે. સભા આશા રાખે છે કે તેઓ તે પદે રહી સભાની સેવા કરી ઉજ્જવળ કીર્તિ પ્રાપ્ત કરે.

## ભાવનગર નિવાસી

### શેઠ માણેકચંદભાઇ જેચંદભાઇ.



શહેર ભાવનગરના વતની અને મુંબઈ વેપારાર્થે રહેતાં **શેઠ માણેકચંદભાઇ** ભાવનગરના એક દેવગુરૂધર્મના અનન્ય ઉપાસક અને દાનવીર નરરત્ન જૈન છે. પૂર્વ પુણ્યથી મળેલ અને વધતી જતી લક્ષ્મીનો દેવગુરૂધર્મની સેવાભક્તિ નિમિત્તે પ્રસંગે પ્રસંગે ઉદારતાપૂર્વક, નિરભિમાનપણે, કીર્તિના અભિલાષાની દરકાર વગર દરેક ધાર્મિકખાતામાં દેવભક્તિ, સાહિત્યઉદ્ધાર, લાઇબ્રેરી સ્થાપના, ભોજનશાળા વગેરે જેવા દરેક ક્ષેત્રમાં ધનનો વ્યય કરી પુણ્ય બાંધી રહ્યા છે. હાલમાં શ્રી કદંબગિરિ તીર્થ ઉપર તૈયાર થતાં જિનાલયમાં પ્રભુપ્રતિષ્ઠાનું માંગલિક કાર્ય કરવા રૂપીયા અગીયાર હજારનો નકરો આપી પ્રતિષ્ઠા કરવાનો આદેશ જામનગરથી છ–રી પાળતા નીકળેલા શ્રીસંઘ સમક્ષ માંગરોળ મુકામે લીધો છે. મનુષ્યજન્મનું સાર્થક, સુકૃતની લક્ષ્મીનો સદ્વ્યય અને પુણ્યાનુબંધી પુણ્ય આ રીતે મેળવી શકાય છે. તેઓની ઉદારતા, ધાર્મિક ભાવના વગેરે માટે આ સભા ધન્યવાદ આપે છે અને ભવિષ્યમાં દીર્ઘાયુ થઇ વિશેષ ધાર્મિક કાર્યો કરી પુણ્ય મેળવે એમ ઇચ્છીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીશ સ્થાનક તપ પૂજા ( અર્થ સાથે. )

## ( વિસ્તારપૂર્વક વિવેચન તથા મંડળ સહિત. )

વિસ્તારપૂર્વક વિધિ-વિધાન, નોટ, ચૈત્યવંદન, સ્તવનો, મંડળો વગેરે અને સાદી સરલ ગુજરાતી ભાષામાં અર્થ સહિત અમોએ પ્રકટ કરેલ છે. વીશ સ્થાનક તપ એ તીર્થંકરનામકર્મ ઉપાર્જન કરાવનાર મહાન તપ છે. તેનું આરાધન કરનાર બ્હેન તથા બંધુઓ માટે આ ગ્રંથ અતિ મહત્વનો અને ઉપયોગી છે. શ્રી વીશ સ્થાનક તપનું મંડળ છે, તેમ કોઇ અત્યાર સુધી જાણતું પણ નહોતું, છતાં અમોએ ઘણી જ શોધખોળ કરી, પ્રાચીન ઘણી જ જૂની તાડપત્રની પ્રત ઉપરથી મોટો ખર્ચ કરી, ફોટો બ્લોક કરાવી તે મંડળ પણ છપાવી આ બુકમાં દાખલ કરેલ છે. આ એક અમૂલ્ય ( મંડળ ) નવીન વસ્તુ જિનાલય, ઉપાશ્રય, જ્ઞાનભંડાર, લાઇબ્રેરી અને ઘરમાં રાખી પ્રાતઃકાળમાં દર્શન કરવા લાયક સુંદર ચીજ છે.

ઊંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપમાં છપાવી સુશોભિત બાઇંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે છતાં કિંમત બાર આના માત્ર રાખવામાં આવેલી છે. પોસ્ટેજ જુદું.

---

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂ. ૦-૨-૬
૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂ. ૦-૧૦-૦
૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશન બોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂ. ૧-૪-૦ રૂ. ૧-૧૨-૦.
૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. રૂ. ૦-૨-૦
૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ ચરિત્ર પૂજા સાથે. રૂ ૦-૪-૦
૬ શ્રી તીર્થંકર ચરિત્ર. ( ભાષાંતર ) રૂ. ૦-૧૦-૦
૭ શ્રી વીશં સ્થાનક પદ પૂજા ( અર્થ, વિધિ-વિધાન, યંત્રો, મંડળ વગેરે સહિત ). રૂ. ૦-૧૨-૦

---

## છપાતાં ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) २ श्री मलयगिरि व्याकरण.
३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ श्री गुणचंद्रसूरिकृत श्री महावीर चरित्र भाषांतर
५ पांचमो छट्ठो कर्मग्रन्थ. ६ श्री बृहत्कल्प भाग ४

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી બૃહત્કલ્પસૂત્ર ત્રીજો ભાગ.

( પ્રથમ ઉદ્દેશ )

( શ્રી ભદ્રબાહુ સ્વામીપ્રણીત સ્વોપજ્ઞનિર્યુક્તિ સહિત અને શ્રી સંઘદાસગણિ ક્ષમાશ્રમણ સંકલિત ભાષ્ય સહિત )

અતિમાન્ય આ છેદસૂત્રનો આ ત્રીજો ભાગ પ્રાચીન ભંડારો અને લિખિત તાડપત્રીય પ્રતો સાથે રાખી અનુપમ પ્રયત્ન સેવી સાક્ષરવર્યો મુનિરાજ શ્રી **ચતુરવિજયજી મહારાજ** તથા **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે** સંશોધન કરી તૈયાર કરેલ છે, કે જેમાં કલ્પાધ્યયન ટીકામાં પ્રથમ ઉદ્દેશની પરિસમાપ્તિ કરવામાં આવેલ છે. અમારા પ્રાચીન સાહિત્ય ( સંસ્કૃત–પ્રાકૃત )ના પ્રકાશનોમાં પ્રસ્તાવના, નિવેદનો ગુજરાતી ભાષામાં પ્રકટ કરવામાં આવે છે કે જેથી તે તે ગ્રંથોના અજાણ ભાઈઓ વગેરે આમાં શું વિષય છે, સંશોધનકાર્યમાં કેવો પરિશ્રમ સેવી સંપાદક મહાપુરૂષો સાહિત્યસેવા અને જૈન સમાજ ઉપર કેવો ઉપકાર કરી રહેલ છે તે માલમ પડે.

આ ગ્રંથમાં આવેલ વિષયો માટે ટીકાકાર મહારાજે તેના સ્થાનદર્શક જે આગમો આવેલ છે તે પ્રમાણોના સ્થાનદર્શક ગ્રંથો અને પ્રકાશકોની નામસૂચિ, વિષયાનુક્રમ, પાઠાંતરો, ટિપ્પણીઓ વગેરે આપી વાંચક, અભ્યાસીવર્ગને માટે સરલ બનાવેલ છે. જ્ઞાનભંડારોના સુંદર શણગારરૂપ થવા સુંદર શાસ્ત્રીલીપીથી ઊંચા, ટકાઉ કાગળો ઉપર શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી સુશોભિત કપડાના બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે.

આવું પ્રાચીન સુંદર અને શુદ્ધ સાહિત્ય માત્ર આ સભા જ પ્રકટ કરે છે. જૈન અને જૈનેતર વિદ્વાનો, હિંદની કોલેજના નિષ્ણાત પ્રોફેસરો, ભાષાશાસ્ત્રીઓ પાશ્ચિમાત્ય વિદ્વાનો મુક્તકંઠે પ્રશંસા કરી રહેલ છે. કિંમત રૂા. ૫–૮–૦ સાડા પાંચ રૂપીઆ. પોસ્ટેજ જુદું.

લખો.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

**પ્રથમ અને બીજા ભાગની ઘણી થોડી નકલો સીલીકે છે માટે જલ્દી મંગાવો, પછી મળવી મુશ્કેલ છે.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only